ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

ગાંધીનગરમાં જામ્યો રમતનો રસપ્રદ જંગ - ખેલ મહાકુંભ ફાયનલ

(તસવીર : દિપક જાની)

ગાંધીનગરના બે દોડવીરોના નવા વિક્રમ

ફૂટબોલ (મહિલા) હોકી (બોય) અને હેન્ડબોલમાં પણ ગાંધીનગરની ટીમોએ વિજય પતાકાઓ લહેરાવી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના બે દોડવીરોએ આજે ૧૫૦૦ મીટર અને ૫૦૦૦ મીટર દોડમાં નવા વિક્રમો રચી શ્રેષ્ઠ દોડવીર તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી શહેરના ગૌરવમાં વધારો કર્યો છે.

ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના એથ્લેટીક્સ ટ્રેક પર ખેલ મહાકુંભની ફાયનલ સ્પર્ધાઓમાં આજે આ બે નવા વિક્રમો ગાંધીનગરના ખેલાડી રાજેશભાઈ અને મુકીમખાને નોંધાવ્યા છે.

ગાંધીનગર શહેરની હોકીની ૧૬ વર્ષથી ઉપરના ભાઈઓની ટીમે પણ આજે રાજ્યકક્ષાએ ચેમ્પીયનશીપ મેળવી હતી.

આ ઉપરાંત ફૂટબોલ (મહિલા)ની સ્પર્ધામાં પણ ચેમ્પીયનશીપ મેળવી તો હેન્ડબોલ સ્પર્ધામાં શહેરની ટીમે ચેમ્પીયનશીપ મેળવી ગાંધીનગરનું નામ રમત-જગત ક્ષેત્રમાં પણ રોશન કર્યું છે.

વધુ વિગતો પાન-૨ પર

રાત્રે વાહન નહીં મળે તો મહિલાઓ અને વૃદ્ધોને પોલીસ ઘરે મુકવા આવશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં રહેતા અને જિલ્લા બહાર નોકરી કે વ્યવસાય કરતાં વૃદ્ધો તથા મહિલાઓને ક્યારેક રાત્રે પરત ફરતાં મોડુ થઈ જતું હોય છે. તેવા કિસ્સામાં જો સમયસર ઘરે જવા માટે વાહન ન મળે તો અનિચ્છનીય બનાવ બનવાની શક્યતાઓ રહેતી હોવાથી જિલ્લા પોલીસ વડાએ તેમના માટે અલગ વ્યવસ્થા ગોઠવી સુરક્ષા પુરી પાડવાનો નિર્ણય લીધો છે. રાત્રીના સમયે કોઈ મહિલાઓ કે વૃદ્ધોને ઘરે જવા માટે વાહન ન મળે તો પોલીસ કંટ્રોલને કોલ કરી શકશે અને પોલીસની પી.સી.આર. વાન તેમને ઘરે પહોંચાડશે. ઉલ્લેખનીય છે કે આ પ્રોજેક્ટથી જિલ્લામાં રાત્રી દરમ્યાન બેગ લીફ્ટીંગ, ચેઈન સ્નેચીંગ તથા છેડતી જેવી ઘટનાઓ પર નિયંત્રણ આવી જશે.

રાજ્યભરમાં પોલીસને સમયસર ગુનેગારો સુધી પહોંચવા તથા ગુનાઓ બનતા અટકાવવા માટે પી.સી.આર. વાન આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા પોલીસને પણ ૨૦ જેટલી પી.સી.આર. વાન આપવામાં આવી છે. હવે આ પી.સી.આર. વાનનો ઉપયોગ જિલ્લા પોલીસ વડા દ્વારા વિસ્તૃત કરવામાં આવ્યો છે. પ્રજાની સલામતી અને

સુરક્ષા અને સલામતીને કારણે જિલ્લા પોલીસ વડાએ લીધેલો નિર્ણય : પોલીસની પી.સી.આર. વાન ઘર સુધી પહોંચાડશે

ગુનાખોરી અટકાવવા ઉપરાંત ગુનેગારો સુધી ઝડપથી પહોંચવાના આશયથી શરૂ થયેલા પી.સી.આર.વાન પ્રોજેક્ટમાં હવે રાત્રી દરમ્યાન એકલી જતી મહિલાઓ તથા વૃદ્ધોની સલામતીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. નોકરી કે વ્યવસાય કરતી મહિલાઓને ઘરે પહોંચતા રાત્રે મોડુ થઈ ગયું હોય અને કોઈ વાહન ન મળતું હોય તેવા કિસ્સામાં તેની સાથે છેડતી સહિતના અઘટીત બનાવની સંભાવના વધી જાય છે તે ઉપરાંત વૃદ્ધોને રાત્રીના સમયે એકલા દેખીને તેમને લુંટી લેવાના કે ચિલઝડપ કરી જવાના કિસ્સાઓ પણ બનતા હોય છે. આ માટે ખાસ સલામતી રાખવા જિલ્લા પોલીસવડાએ નવો કિમીયો અપનાવ્યો છે. રાત્રીના સમયે જિલ્લાભરના કોઈપણ સ્થળેથી જો મહિલાઓ કે વૃદ્ધોને ઘરે જવા માટે વાહન ન મળતું હોય ત્યારે જિલ્લા પોલીસ કંટ્રોલ ૧૦૦ નંબર અથવા મહિલા હેલ્પલાઈન નં. ૯૪૨૬૬૭૧૦૯૬, મહિલા પોલીસ સ્ટેશન ૨૩૨-૪૭૦૯૬ અથવા જિલ્લા પોલીસ કંટ્રોલ ૨૩૨-૧૦૯૧૪ નંબર્સ પૈકી કોઈપણ નંબર પર કોલ કરી શકશે. કોલ મળતા જ પોલીસ પી.સી.આર. વાન સાથે તે સ્થળે પહોંચી જશે અને વૃદ્ધ કે મહિલાને સહી-સલામત રીતે ગરે પહોંચાડશે.

હવામાનમાં બદલાવ થતાં રવિપાકના ઉત્પાદનો પર વિપરીત અસરો થવાની ભીતિ

ઘઉં-બટાટામાં વિપરીત અસરોનો ભય; એરંડાના પાનને ખાખરાનો રોગ લાગુ થવાનો ભય; રાત્રે ભેજવાળુ વાતાવરણ અને દિવસે ગરમીથી ખેડૂતો ચિંતાતુર

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર અને જિલ્લાના તાપમાનમાં આવેલા બદલાવને પગલે તેમજ ગરમીનો આંક ઉચકાતાં રવિ સીઝનના પાકોના ઉત્પાદન પર વિપરીત અસરો થવાનો ભય જિલ્લાના ખેડૂતોમાં વ્યાપી જવા પામ્યો છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં ઠંડીના દિવસોમાં થઈ રહેલા ઘટાડા તેમજ ગરમીની માત્રામાં અત્યારથી જ વધારો નોંધાતાં ખાસ કરીને રવિ પાકો જે જિલ્લાના મુખ્ય પાક છે તેવા ઘઉં અને બટાટાના ઉત્પાદનને વિપરીત અસરો થવાનો ભય ખેડૂતોને કંપાવી રહ્યો છે.

ઘઉં અને બટાટાની ખેતી જે પૂરી થવાને આરે છે ત્યારે ઠંડી એકાએક ગાયબ થઈ જતાં ઘઉંના દાણા પર તેની અસર થવાનો ભય ઉભો થયો છે તો બટાટાના પાકમાં પણ તેની અસરો વિપરીત થવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે.

ઘઉં અને બટાટાની ખેતી જે પૂરી થવાને આરે છે ત્યારે ઠંડી એકાએક ગાયબ થઈ જતાં ઘઉંના દાણા પર તેની અસર થવાનો ભય ઉભો થયો છે તો બટાટાના પાકમાં પણ તેની અસરો વિપરીત થવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે.

છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો માહોલ જે રીતે પકડાઈ રહ્યો છે તેથી ખેડૂતો વધુ ચિંતાતુર બન્યા છે. જિલ્લામાં ૩૨ હજાર હેકટર વિસ્તારમાં ઘઉંના પાકનું વિક્રમી વાવેતર થયું છે તો ૮ હજાર હેકટર જેટલા વિસ્તારમાં બટાટાનું વાવેતર થવા પામ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

ખેડૂતને નકલી સોનુ પધરાવી રૂપિયા ૩ લાખની છેતરપીંડી

એકવાર ઈન્ફોસીટી બોલાવીને અસલી સોનાનો સોદો કર્યા બાદ બીજા સોદામાં નકલી સોનાની ગીની આપી ચુનો લગાવ્યો : ખેતર ખેડતા સોનુ નિકળ્યું હોવાનું કહીને સોદા કરતાં

ગાંધીનગર, તા. ૧૨

સાબરકાંઠાના તલોદ વિસ્તારમાં રહેતા ખેડૂતને વિશ્વાસમાં લઈ ગાંધીનગર નજીક આર-વર્લ્ડ સિનેમાગૃહ પાસે બેઠક કરીને બે શખ્સો ૩ લાખના બદલામાં ૧૦૦ ગ્રામ નકલી સોનાની ગીની પધરાવી ગયાનો કિસ્સો પોલીસ ચોપડે નોંધાવા પામ્યો છે. છ માસ પહેલા આ ગુનો બનવા પામ્યો હતો પરંતુ નરોડા પોલીસે આ જ મોડ્સ ઓપરેન્ડીથી છેતરપીંડી કરનાર બે શખ્સોને પકડ્યા હોવાની જાણ થતા ખેડૂતે આજે અડાલજ પોલીસમથકે છેતરપીંડીની ફરીયાદ નોંધાવી છે. પોલીસે ટ્રાન્સફર વોરન્ટથી બન્ને ઠગોની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

તલોદ તાલુકાના વક્તાપુર ગામમાં રહેતા અશોકભાઈ માલાભાઈ પટેલ ખેતી અને જમીન દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગત ઓગષ્ટ મહિનામાં તેમના કોઈ મિત્ર મારફતે તેમનો પરિચય મુકેશ ઉદાજી મારવાડી અને રાણા નામના વ્યક્તિઓ સાથે થયો હતો. તે ત્રણેયની ઈન્ફોસીટી ખાતે પ્રથમ મુલાકાત થઈ હતી. મુકેશ અને રાણાએ અશોકભાઈને મળીને કહ્યું હતું કે ખેતર ખેડતા-ખેડતા જમીનમાંથી સોનાની ગીની નીકળી હતી. સરકારી માલ કહેવાય એટલે કોઈને ખબર પડવા દીધી નથી. તમને રસ હોય તો સોનાની ૩ ગીની તમે રાખો, સોનીને બતાડીને રૂપિયા આપજો. તેમ કહીને અશોકભાઈને વિશ્વાસમાં લીધા હતા. અશોકભાઈએ સોનીને ગીની બતાડતા સાચી હોવાનું જાણવા મળ્યું હતું. તે ૩ ગીનીના રૂપિયા અશોકભાઈ બન્ને શખ્સોને મળ્યાં ત્યારે વધુ ૧૦૦ ગ્રામ સોનાની ગીની પણ પડી હોવાનું કહેતા અશોકભાઈએ તે સોનું પણ ખરીદી લેવા તત્પરતા દેખાડી હતી. ઓગષ્ટ મહિનાના પ્રથમ રવિવારે તેઓએ પહેલો સોદો કર્યો હતો અને બીજો સોદો કરવા તેઓ ગાંધીનગર નજીક આર-વર્લ્ડ થીયેટર પાસે ભેગા થયા હતા. મુકેશ અને રાણાએ ત્યાં બેઠક કરીને ૧૦૦ ગ્રામ સોનાની ગીની અશોકભાઈને આપી અને તેના બદલામાં ૩ લાખ માંગવામાં આવ્યા હતા. તે રૂપિયા અશોકભાઈએ મુકેશને આપ્યા. રૂપિયા ગણી લેવા અશોકભાઈએ કહ્યું તો ગણ્યા વગર ખિસ્સામાં મુકીને તેમની પર વિશ્વાસ છે તેમ કહી સોનુ ચેક કરાવી લેજો તેમ

● અનુસંધાન પાન-૭ પર

શહેરના સરકારી આવાસોની સ્થિતિ ચકાસવા તંત્રએ સર્વે શરૂ કર્યો

સર્વેના અંતે આવાસોના મજબૂતીકરણ માટે આયોજન કરાશે

ગાંધીનગર, તા.૧૨

શહેરના સરકારી આવાસોની સ્થિતિ ચકાસવા તંત્ર દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં સ્થિત આવાસોના મજબૂતીકરણનું કામ છેલ્લા કેટલાક સમયથી મંદ પડી ગયું છે. જયારે આવાસોના સર્વેના અંતે અગ્રતા ક્રમ નક્કી કરી કંગાળ ભાસતા મકાનોને નવા રંગરૂપ આપવાની કાર્યયોજના તૈયાર કરવામાં આવશે.

નગરમાં દાયકાઓ જૂના સરકારી આવાસો જાળવણીના અભાવે ભયજનક સ્થિતિમાં હોવાનું સ્પષ્ટ થયું છે. આ પૈકી અમુક આવાસો પડવાના વાંકે ઉભા હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરના સેકટરોમાં વિવિધ કેટેગરીના અંદાજિત ૧૬ હજાર જેટલા મકાનો છે. આ પૈકી ૧૯૦૦ મકાનો નિકાલ હેઠળના છે. નિકાલ હેઠળના મકાનો સંદર્ભે પણ ૭ વર્ષના અંતે કોઈ નિર્ણય લેવાયો નથી. જયારે આવાસોના મજબૂતીકરણની યોજના અન્વયે પણ હજુ માત્ર ૪૦ ટકા જ કામગીરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. દાયકાઓના અંતે પણ આવાસોની દરકાર ન લેવાતા સેકટરોમાં સ્થિત આવાસોની જોખમી સ્થિતિના લીધે કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોની સલામતી જોખમાઈ હોવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. સરકારી આવાસોમાં સિલીંગમાંથી પોપડા ખરતા કર્મચારીઓને હવે સલામત છત પણ નસીબ ન થતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. બીજી તરફ સેકટરોમાં ખંડેર ભાસતા આવાસોમાં દૂષણો પાંગરતા હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. કંગાળ આવાસોમાં બારી-બારણા પણ રહ્યા ન હોવાથી રાત્રિના સમયે અસામાજિક તત્વો અડ્ડો જમાવતા હોવાનું પણ સ્થાનિક રહીશો જણાવી રહ્યા છે. આવા સંજોગોમાં આવાસ મજબૂતીકરણની કામગીરી પણ ઠપ્પ થઈ જતા શહેરના મોટાભાગના સરકારી મકાનો જોખમી બન્યા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. અગાઉ

● અનુસંધાન પાન-૭ પર

સ્વર્ણિમ પાર્કમાં ૧૨ જગ્યાએ સિટીંગ અમ્બ્રેલા મુકવામાં આવી

ફેરારી ફેબ્રિક મટીરીયલ્સ ટેન્સાઈલ સ્ટ્રક્ચર ઉભા કરાયા : અમ્બ્રેલાથી પાર્કની રોનક નિખરી

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૨

સ્વર્ણિમ પાર્કને નિખારવા લેન્ડ સ્કેપીંગનું કામ હાથ ધરવામાં આવ્યું છે. શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કમાં અનેકવિધ આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ સ્વર્ણિમ પાર્કમાં ફેરારી ફેબ્રિકની સિટીંગ અમ્બ્રેલા મુકવામાં આવી છે. સહેલાણીઓને બેસવા માટે પાર્કમાં વિવિધ ૧૨ સ્થળોએ આ પ્રકારના ટેન્સાઈલ કેનોથી સ્ટ્રક્ચર ઉભા કરવામાં આવ્યા છે.

શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની યોજના અન્વયે પ્રથમ તબક્કામાં ગ-૪ થી ઘ-૪ સુધીના વિસ્તારમાં રસ્તા અને ફૂટપાથ સહિતનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. સ્વર્ણિમ યોજના પ્રથમ તબક્કાની કામગીરી માટે રૂ. ૩૩ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. જ્યારે બીજા તબક્કામાં પણ પાર્કનો લેન્ડસ્કેપીંગને અનુલક્ષી વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. સ્વર્ણિમ પાર્કમાં લેન્ડસ્કેપીંગની કામગીરીને અનુલક્ષી અંદાજિત રૂ. ૨૮ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવામાં આવી છે. સ્વર્ણિમ પાર્કમાં હરિયાળી લોન વચ્ચે વોટરબોડી, ફાઉન્ટેઈન, ફૂડકોર્ટ, ચિલ્ડ્રન પ્લાઝા, ભૂલભૂલૈયા સહિતના અનેકવિધ આકર્ષણો ઉભા કરવાનું કામ શરૂ કરી દેવાયું છે. જ્યારે આ પૈકીના કામનો અમુક હીસ્સો વાઈબ્રન્ટ સમિટ પૂર્વે પૂર્ણ કરી દેવાયો છે. આ દરમિયાન સ્વર્ણિમ પાર્કમાં વિવિધ ૧૨ જેટલા સ્થળોએ સીટીંગ અમ્બ્રેલા મુકવામાં આવી છે. ટેન્સાઈલ કેનોથી સ્ટ્રક્ચર ઉભી કરવા ફેરારી ફેબ્રિજના મટીરીયલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દેશમાં બહુ ઓછી કંપની આ પ્રકારનું ફેબ્રિક મટીરીયલ બનાવે છે. આ ફેરારી ફેબ્રિક બેંગ્લોરની કંપનીએ પ્રવાઈડ કર્યુ હોવાનું મનાય છે. સ્વર્ણિમ પાર્કમાં હાલ લોન તેમજ પોકેટ પ્લાઝાના ફ્લોરીંગનું કામ પણ ચાલી રહ્યું છે.

ગાંધીનગરના વિદ્યાર્થીએ એનિમિયા માટે કારણભૂત Geneની શોધ કરી આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવી

પાટનગરની કે.બી. ઈન્સ્ટીટયૂટ ઓફ ફાર્મસીના વિદ્યાર્થી ધ્વનીત શાહ અમેરિકાની હાવર્ડ મેડીકલ સ્કૂલ સાથે જોડાઈ અવનવા સંશોધનો કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૯

લોહીમાં હિમોગ્લોબિનની ઉણપ સર્જતા રકતકોષના ચોકકસ જીનની ઓળખ મેળવી એનિમિયાની નાબુદી માટે નવી દિશા ખોલી આપનાર ગુજરાતી યુવાનનું નામ છે ધ્વનિત શાહ. ગાંધીનગર માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે ધ્વનિતે બી.ફાર્મનો અભ્યાસ કડી કેમ્પસ સ્થિત કે.બી. ઈન્સ્ટીટયૂટ ઓફ ફાર્મસીમાં કર્યો છે. ગાંધીનગરમાં અભ્યાસ કરી છેક અમેરિકા જઈ હાવર્ડ જેવી સંસ્થા સાથે જોડાનાર ધ્વનીત શાહ ટૂંક સમયમાં સંશોધન ક્ષેત્રે જાણીતા બન્યા છે.

સાબરકાંઠાના વતની અને અમદાવાદની એલ.એમ. કોલેજ ઓફ ફાર્મસીમાં એમ.ફાર્મનો અભ્યાસ કરી ચૂકેલા ડૉ. ધ્વનિત શાહ હાલમાં અમેરિકાની પ્રસિધ્ધ હાવર્ડ મેડીકલ સ્કૂલ ખાતે હેમેટોલોજી (લોહીના રોગો) વિભાગમાં ફેકલ્ટી તરીકે ફરજ બજાવે છે.

લોહીનું બંધારણ જાણીને કૃત્રિમ લોહી બનાવવાની દિશામાં સંશોધન કરી રહેલા ડૉ. ધ્વનિતે રકતકણોના નિર્માણ સમયે હિમોગ્લોબિનના સંયોજનોનું નિયમન કરતા જીનની તબીબી ઈતિહાસમાં સૌ પ્રથમવાર સ્પષ્ટ ઓળખ મેળવી હતી. આ જીનની ઓળખ સાથે હવે એનિમિયાના નિદાન અને ઉપચાર માટે નવી દિશાઓ ખૂલવાની ઉજળી આશાઓ બંધાઈ છે. હાવર્ડ યુનિવર્સિટી ઉપરાંત બોસ્ટનની પ્રસિધ્ધ બ્રિગામ એન્ડ વિમેન્સ હોસ્પિટલના મેડિસિન વિભાગ સાથે સંકળાયેલા ડૉ. ધ્વનિત શાહનું આ સંશોધન ગત નવેમ્બરમાં તબીબી

જાહેર નિવિદા

[illegible]

SANGHI CEMENT · KisaN · TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com